આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- અશરફ નથવાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:૦૧-૦૯-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

## પ્રધાનમંત્રી-જીલ્લા ન્યાયતંત્રની રાષ્ટ્રીય પરીષદ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, મહિલાઓ પર થતા અત્યાચાર અને બાળકોની સલામતી સમાજ માટે ગંભીર ચિંતાનો વિષય છે. તેમણે કહ્યું કે, દેશમાં મહિલાઓની સલામતી માટે ઘણા કડક કાયદા બનાવવામાં આવ્યા છે, પરંતુ તેને વધુ સક્રિય બનાવવાની જરૂર છે. પ્રધાનમંત્રીએ નવી દિલ્હીમાં ભારત મંડપમ્ ખાતે જિલ્લા ન્યાયતંત્રની બે દિવસની રાષ્ટ્રીય પરિષદના ઉદ્ઘાટન દરમિયાન આ મુજબ જણાવ્યું હતું.

શ્રી મોદીએ કહ્યું કે, સર્વોચ્ચ અદાલતના 75 વર્ષ લોકશાહીની માતા તરીકે ભારતનું ગૌરવ વધારે છે. શ્રી મોદીએ ઉંમેર્યું, સર્વોચ્ચ અદાલતે કટોકટીના કાળમાં બંધારણનું રક્ષણ કર્યું હતું.

આ પ્રસંગે પ્રધાનમંત્રીએ સર્વોચ્ચ અદાલતની સ્થાપનાના 75 વર્ષની યાદગીરી રૂપે ટપાલ ટિકિટ અને સિક્કાનું અનાવરણ કર્યું હતું.

સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટિસ ડી. વાય. ચંદ્રચુડે જણાવ્યું હતું કે, આ સંમેલન જિલ્લા ન્યાયતંત્ર અને અન્ય તમામ લોકો વચ્ચે સંવાદને સરળ બનાવશે, જેથી ન્યાયતંત્રના ન્યાયાધીશોની ચિંતાઓને સમજી શકાય અને ભારતીય કાયદાકીય વ્યવસ્થાના ભાવિ માટે સામૂહિક દ્રષ્ટિકોણ તૈયાર કરવામાં સક્ષમ બનશે.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------------

## રાષ્ટ્રવ્યાપી પોષણ અભિયાન

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીએ ગઈકાલે ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે રાષ્ટ્રવ્યાપી પોષણ માહની સાતમી આવૃત્તિનો

પ્રારંભ કરાવ્યો હતો. આ આવૃત્તિમાં દેશમાંથી કુપોષણ નાબૂદ કરવા માટે એનિમિયા અંગે જાગૃતિ, પોષણ ભી પઢાઈ ભી, અને ટેકનોલોજીના ઉપયોગથી સુશાસન અને પૂરક આહાર પર ભાર મૂકવામાં આવશે.

આ પ્રસંગે બોલતા કેન્દ્રીય મંત્રી અન્નપૂર્ણા દેવીએ જણાવ્યું કે, દેશમાં તંદુરસ્ત અને સશક્ત મહિલાઓ તથા બાળકીઓ દ્વારા જ વિક્સિત ભારતનો સંકલ્પ સાકાર થઈ શકશે. તાજેતરનાં કેન્દ્રીય અંદાજપત્રમાં મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે મહિલાઓ અને બાળકીઓ માટેની વિવિધ યોજનાઓ માટે ત્રણ લાખ કરોડ રૂપિયા ફાળવ્યા છે. તેમણે નવીન આંગણવાડીઓનાં ગુજરાત મોડલ અને શાસનમાં ટેકનોલોજી ઉપયોગની પ્રશંસા કરી હતી.

આ પ્રસંગે બોલતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે રાષ્ટ્રીય પોષણ અભિયાન માતા અને બાળક સ્વાસ્થ્ય સાથે જોડાયેલી આખી ઈકોસિસ્ટમમાં બદલાવનો નવતર અભિગમ બન્યું છે.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------

## ઇન્ટર્ન્સ અને રેસિડેન્ટ્સ તબીબોના સ્ટાઇપેન્ડમાં વધારો

રાજ્યની સરકારી અને GMERS મેડિકલ કૉલેજોમાં સેવારત ઇન્ટર્ન્સ અને રેસિડેન્ટ્સ તબીબોના સ્ટાઇપેન્ડમાં સરકારે વધારો કરવાનો નિર્ણય કર્યો છે. મેડિકલ , ડેન્ટલ, ફિઝીયોથેરાપી, હોમિયોપેથી અને આયુર્વેદિકના અભ્યાસક્રના ઇન્ટર્ન્સ અને રેસિડેન્ટ્સ તબીબોને પણ આ વધારાનો લાભ મળશે. સ્ટાઇપેન્ડ દરમાં વધારો પહેલી એપ્રિલ 2024ની અસરથી અમલમાં આવશે.

રાજ્યની 6 સરકારી અને 13 ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી સંચાલિત મેડિકલ કૉલેજના સ્નાતક અભ્યાસક્રમના ઇન્ટર્ન્સ અને અનુસ્નાતક તેમજ સુપર સ્પેશ્યાલિટી અભ્યાસક્રમના રેસિડેન્ટ્સ તબીબોને મળતા સ્ટાઇપેન્ડના દરમાં વધારો કરવામાં આવ્યો છે.

આ વધારા અનુસાર ઇન્ટર્ન્સને 21 હજાર 840, ડેન્ટલમાં 20 હજાર 160, ફિઝીયોથેરાપીમાં 13 હજાર 440 રૂપિયા તેમજ આયુર્વેદ અને હોમિયોપેથીમાં 15 હજાર 120 રૂપિયા સ્ટાઇપેન્ડ મળશે.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

------------------------------------------------------------------------

## ડેપ્યુટી સેક્સન ઓફીસરની પરીક્ષા

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ડેપ્યુટી સેક્શન ઓફીસરની પરીક્ષાની નવી તારીખ જાહેર કરવામાં આવી છે. આ પરીક્ષા 8, 9, 10 અને 11મી સપ્ટેમ્બરે લેવાશે. સતત ચાર દિવસ ચાલનારી આ પરીક્ષા માટે જીપીએસસીએ તમામ તૈયારીઓ કરી લીધી છે.

તાજેતરમાં પડેલા અતિભારે વરસાદને કારણે આ પરીક્ષા મોકૂફ રખાઇ હતી. પરંતુ હવે વરસાદની પરિસ્થિતિમાંથી રાહત મળતાં જીપીએસસીએ આ પરીક્ષાની નવી તારીખ જાહેર કરી છે.

**(RNU અમદાવાદ)**

------------------------------------------------------------------------

## કચ્છમાં વરસાદે વિરામ લેતા જન જીવન સામાન્ય

કચ્છમાં છ દિવસની અવિરત મેઘમહેર પછી ગઈકાલ સવારથી જ ઉઘાડ નીકળતાં જનજીવન ફરી એકવાર સામાન્ય થઇ રહ્યું છે. ભારે વરસાદનાં પગલે ભરાયેલાં પાણી ઓસરવા સાથે તૂટી ગયેલા રસ્તાના સમારકામ તેમજ રોગચાળા અટકાયતી પગલાં ભરવામાં વહીવટી તંત્ર વ્યસ્ત બન્યો છે.

હવામાન વિભાગે ત્રણેક દિવસ સુધી જિલ્લામાં છૂટાછવાયા વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. જિલ્લામથક ભુજમાં ગઈકાલે સાંજના સમયે છુટા-છવાયા ઝાપટાં પડતાં રસ્તા ભીંજાયા હતા.

જીલ્લામાં થયેલા અતિભારે વરસાદના પગલે અનેક વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાઇ હતી. હવે આવા વિસ્તારોમાંથી પાણી ઓસરતા તંત્ર દ્વારા યુધ્ધના ધોરણે સફાઇ કામગીરી થઇ રહી છે.

મેલેરીયા, ચિકનગુનીયા, ડેન્ગ્યુ, ટાઈફોડ, કોલેરા જેવો રોગચાળો ફાટી નીકળે તેની સંભાવના હોય છે. જેથી, શહેરો તથા ગ્રામ્યકક્ષાએ જંતુનાશક દવાઓનો છંટકાવ, સાફ- સફાઇ, પાણી નિકાલ, પાણીના ટાંકાનું કલોરીનેશન સહિતની કામગીરી યુદ્ધના ધોરણે આરંભાઈ છે.

**(અશરફ નથવાણી)**

---

## રસ્તાઓનું મરામત કાર્ય

ભારે વરસાદથી બિસ્માર બનેલા કચ્છના માર્ગોનું પુરજોશમાં મરામત કાર્ય કરવામાં આવી રહ્યું છે, માર્ગ-મકાન વિભાગ રાજ્ય તથા પંચાયત વિભાગ દ્વારા ક્ષતિગ્રસ્ત રસ્તા, રોડ, પુલ, પાપડી સહિતના માર્ગોનું યુદ્ધના ધોરણે સમારકામ હાથ ધરવામાં આવ્યું છે.

વરસાદી આફતથી અસરગ્રસ્ત બનેલા રસ્તાઓથી લોકોને પરિવહનમાં કોઈ જ મુશ્કેલી ના પડે તે માટે વરસાદના વિરામ સાથે જ જિલ્લાના શહેરો તથા ગ્રામ્ય કક્ષાએ જુદા જુદા રસ્તાઓની આ મરામત કામગીરી કરવામાં આવી રહી છે.

**(અશરફ નથવાણી)**

---

## પેરાલિમ્પિક ગેમ્સ

પેરિસમાં રમાઇ રહેલી પેરાલિમ્પિક ગેમ્સમાં, પેરા શૂટર રુબિના ફ્રાન્સિસે મહિલાઓની 10 મીટર એર પિસ્ટોલ SH1માં કાંસ્ય ચંદ્રક મેળવ્યો છે.

**(અશરફ નથવાણી)**

---